પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,
સુરત(પાલ), અન્નપુર્ણા માતાજીના મંદિરની બાજુમાં, પાલ
હજીરા રોડ, ફોન નં – ૦૨૬૧ – ૨૯૭૭૧૯૧,
EMAIL ID:- rto-trans-sur@gujarat.gov.in

---

નંરોડસેફટી/NSS/વિધાર્થીઓ/માર્ગ સલામતિ/સંકલન/ઓન/૧૮૨ તારીખ:-૧૨/૦૧/૨૦૨૨

પ્રતિ

(૧) મે.જિલ્લા શિક્ષણાધિકારી
પ્રોગામ કો-ઓર્ડિનેટર,એન.એસ.એસ
વીર નર્મદ સાઉથ,ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ,ઉધના મગદલ્લા રોડ
સુરત-૩૯૫૦૦૭

(૨) શ્રીમાન શ્રીધર નિમાવતજી
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩ જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઇન,સુરત જિલ્લો

વિષય:- NSS વિદ્યાર્થીઓને માર્ગ સલામતી માટે જોડાવા બાબત.

અનુ:- મે.વાહન વ્યવહાર કમિશ્નર કચેરીના તા:-૧૦/૦૧/૨૦૨૨ ના પત્રક્રમાંકરોડ સેફટી/૩૧૨/NSS/વિધાર્થીઓ/૨૭૦

મે.સાહેબ

ઉપરના વિષય તથા અનુસંધાને જયભારત સહ જણાવવાનું કે નેશનલ સોશ્યલ સર્વિસ (એન.એસ.એસ) દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક સેવાઓ,શિસ્ત અને સાહસિકતાની તાલીમ,વિવિધ પ્રવૃત્તિઓને પ્રેરણા આપતી કામગીરી કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં થતા માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા દેશના ભાવિ નાગરિકો તથા જાહેર જનતામાં ટ્રાફિકના નિયમો તેમજ માર્ગ સલામતિ બાબતે સભાનતા તથા જાગૃતતા લાવવાના હેતુસર વર્ષ ૨૦૧૦ થી TEAM-TRAFFIC EDUCATION AND AWARENESS MOBILE PROJECT અમલી છે. આ પ્રોજેકટ હેઠળ અત્રેની કચેરી ખાતે બે(૨) ટીમવાન કાર્યરત છે. આથી આપના તાબાની એન.એસ.એસ સંલગ્ન શાળા/કોલેજોના સ્વયંસેવકો માર્ગ સલામતીના કાર્યક્રમમાં કોરોના વાઇરસ હેઠળની સરકારશ્રી તરફથી પ્રસિધ્ધ કરવામાં આવેલ ગાઇડલાનને અનુસરીને જોડાય તે અંગે જરૂરી સુચના આપવા અને આ બાબતે અંગે અત્રેની કચેરી સાથે જરૂરી સંકલન સુનિશ્ચિત કરવા વિનંતી છે.

બિડાણ:-ઉપર મુજબ

ઇ.ચા.પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી
સુરત (પાલ)

**નકલ સવિનય રવાના:-**

મે.ખાસ ફરજ પરના અધિકારીશ્રી,વાહન વ્યવહાર કમિશ્નર,કચેરી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર તરફ જાણ સારૂ.

# વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી

બ્લોક-૬/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.

ફોન નં: .- ૦૭૯-૨૩૨૫૧૩૬૩

E-mail :- cot-trans-rdsfty@gujarat.gov.in

ક્રમાંક:રોડ સેફ્ટી/૩૧૨/NSS/વિદ્યાર્થીઓ/ 270

તારીખ :- 10 JAN 2022

પ્રતિ,

સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,

સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી,

અમદાવાદ, અમદાવાદ (પૂર્વ), રાજકોટ, સુરત, વડોદરા,

ભાવનગર, જુનાગઢ, ગાંધીનગર, જામનગર, દાહોદ, પાલનપુર,

ભરૂચ, નડીયાદ, સુરેન્દ્રનગર, ભુજ, ગોધરા, મહેસાણા, વલસાડ, આણંદ

વિષય :- NSSના વિદ્યાર્થીઓને માર્ગ સલામતી માટે જોડાવા બાબત.

સંદર્ભ :-. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા. ૧૮.૧૨.૨૦૨૧નો પત્ર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે નેશનલ સોશ્યલ સર્વિસ (NSS) દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક સેવાઓ, શિસ્ત અને સાહસિકતાની તાલીમ, વિવિધ પ્રવૃતિઓ/કાર્યક્રમો મારફતે જન-જાગૃતિ જેવા કાર્યો સ્વૈચ્છિક રીતે કરવામાં વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. જેમાં રોડ સેફ્ટી વિષયક પ્રવૃત્તિઓ/કાર્યક્રમોને પણ જોડવા માટે શિક્ષણ વિભાગના સંદર્ભ દર્શિત (૧) પત્રથી રાજ્ય એન.એસ.એસ. અધિકારી દ્વારા (૧) પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી, એન.એસ.એસ સંલગ્ન યુનિવર્સિટી,તમામને તથા (૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામને NSS ના વિદ્યાર્થીઓને TEAM Project હેઠળના માર્ગ સલામતી સાથે સાંકળવા માટે સંબંધિતોને જરૂરી સુચના આપેલ છે.

ઉક્ત પત્રની નકલ આ સાથે સામેલ છે.જે અન્વયે પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી, એન.એસ.એસ સંલગ્ન યુનિવર્સિટી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરી NSSના વિદ્યાર્થીઓને માર્ગ સલામતી માટે જોડાવા બાબતની કાર્યવાહી કોરોના વાઇરસ COVID-19 હેઠળ સરકારશ્રી તરફથી પ્રસિધ્ધ કરવામાં આવેલ ગાઇડલાઇન તથા આગામી સુચનાઓના ચુસ્તપણે અમલથાય તે રીતે સંકલન સુનિશ્ચિત કરી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ.

TO, Road safety Nodal [illegible] NSS [illegible]

10/1/2022

ખાસ ફરજ પરના અધિકારી

વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી,

ગુજરાત રાજય, ગાંધીનગર.

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

જા.ક્ર.:-રસય/રોડ સેફ્ટી/૨૦૨૧/૯૫૨૦-૯૭૦૦

તા.૧૯/૧૨/૨૦૨૧

પ્રતિ,

(૧) પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી,
એન.એસ.એસ. સંલગ્ન યુનિવર્સિટી, તમામ

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ

**વિષય :- NSSના વિદ્યાર્થીઓને માર્ગ સલામતી માટે જોડાવા અંગે**

**સંદર્ભ :- વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરીનો પત્ર ક્ર:રોડ સેફ્ટી/521/નોડલ બેઠક/શિક્ષણ/NSS/12138, તા.૦૬/૧૨/૨૦૨૧**

ઉપરોક્ત વિષય પરત્વે સંદર્ભદર્શિત પત્રની નકલ આ સાથે સામેલ રાખી જણાવવાનું કે, ગુજરાત રાજયમાં થતાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા દેશના ભાવિ નાગરિકો તથા જાહેર જનતામાં ટ્રાફિકના નિયમો તેમજ માર્ગ સલામતી બાબતે સભાનતા તથા જાગૃતતા લાવવાના હેતુસર વર્ષ ૨૦૧૦થી રાજયમાં TEAM- Traffic Education and Awareness Mobile Project અમલી છે. આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના ૧૯ જિલ્લાઓમાં કુલ ૨૧ ટીમવાન કાર્યરત છે. જેમાં રોડ સેફ્ટી માટેના કુશળ ટ્રેઇનર સાથે TV, લેપટોપ, પ્રોજેક્ટર, પબ્લિક એડ્રેસ સિસ્ટમ તથા રોડ સેફ્ટી મટિરિયલ્સ સાથેનું અને રોડ સેફ્ટીના સિમ્બોલ્સ અને પોસ્ટરથી સુસજ્જ વાહન દરરોજ બે થી ત્રણ શાળા તથા એક થી બે જાહેર સ્થળોની મુલાકાત લે છે. અને આ શાળાઓમાં વિદ્યાર્થીઓને તથા જાહેર જનતાને રોડ સેફ્ટીનું શિક્ષણ જ્ઞાન સાથે ગમ્મતની પધ્ધતિથી આપે છે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલ NSSના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. ઉક્ત બાબત ધ્યાને લઇ આપના તાબાની એન.એસ.એસ. સંલગ્ન શાળા/કોલેજોના સ્વયંસેવકો માર્ગ સલામતીના આ કાર્યક્રમમાં જોડાય તે અંગે સૂચના આપવા જણાવવામાં આવે છે.

(મહેશ મહેતા)
રાજ્ય એન.એસ.એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

**નકલ રવાના જાણ સારુ :-**

- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, વાહન વ્યવહાર કમિશનરની કચેરી, ગાંધીનગર
- રિજિયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ., પાટનગર યોજના ભવન, એલિસબ્રિજ, અમદાવાદ

# વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી

બ્લોક-૬/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.

ફોન નં -: .૦૭૯-૨૩૨૫૧૩૬૩

E-mail:- cot-trans-rdsfty@gujarat.gov.in

ક્રમાંક/રોડ સેફ્ટી/૬૨૧/નોડલ બેઠક/શિક્ષણ/NSS/12138

તારીખ:- 6 DEC 2021

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
ગુ.રા., ગાંધીનગર
10 DEC 2021
27009

પ્રતિ,

નિયામકશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય,ગાંધીનગર.

વિષય- NSSના વિદ્યાર્થીઓને માર્ગ સલામતી માટે જોડાવા બાબત.
સંદર્ભ:- ગુજરાત રોડસેફ્ટી ઓથોરીટીનો તા.૨૫.૧૦.૨૦૨૧નો પત્ર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયે સવિનય જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં થતા માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા દેશના ભાવિ નાગરિકો તથા જાહેર જનતામાં ટ્રાફિકના નિયમોનું અને માર્ગ સલામતી બાબતે સભાનતા તથા જાગૃતતા લાવવાના હેતુસર અત્રેથી વર્ષ ૨૦૧૦ થી રાજ્યમાં TEAM – Traffic Education and Awareness Mobile Project અમલી છે. હાલ TEAM Project હેઠળ રાજ્યના ૧૯ જિલ્લાઓમાં કુલ ૨૧ ટીમવાન કાર્યરત છે. આ પ્રોજેક્ટમાં રોડ સેફ્ટી માટેના કુશળ ટ્રેઈનર સાથે TV, લેપટોપ, પ્રોજેક્ટર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તથા રોડ સેફ્ટી મટિરીયલ્સ સાથેનું અને રોડ સેફ્ટીના સિમ્બોલ્સ અને પોસ્ટર થી સુસજ્જ વાહન દરરોજ બે થી ત્રણ શાળા તથા એક થી બે જાહેર સ્થળોની મુલાકાત લે છે. અને આ શાળાઓમાં વિદ્યાર્થીઓને તથા જાહેર જનતાને રોડ સેફ્ટીનું શિક્ષણ જ્ઞાન સાથે ગમ્મતની પધ્ધતિથી આપે છે.

ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્રમાં જણાવ્યા મુજબ તા.૩૦.૦૯.૨૦૨૧ની ગુજરાત રોડ સેફ્ટી કમિશનરશ્રીના અધ્યક્ષસ્થાને રોડ સેફ્ટી નોડલ અધિકારીઓની બેઠકમાં થયેલ ચર્ચા મુજબ NSS ના વિદ્યાર્થીઓને TEAM Project હેઠળના માર્ગ સલામતી સાથે સાંકળવા માટે સંબંધિતોને જરૂરી સૂચના આપવા વિનંતી છે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલ NSS ના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.જે વિદિત થવા વિનંતી.

(નોંધ પર માન.કમિશનરશ્રીની મંજુરી મુજબ)

ખાસ ફરજ પરના અધિકારી.
વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી
ગુ.રા ગાંધીનગર

14/12/2021

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/વશી.૪૨/૮૩૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૧૮ /૦૧/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
NSS સંલગ્ન શાળાઓ
સુરત.

૨/- ઉપરોક્ત પત્રનો આપની કક્ષાએથી અમલ સારું.

(એચ.એચ.રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત